# જનસેવા કેન્દ્ર અને ઈ.ધરા કેન્દ્રની નિયમિત મુલાકાત લો : કલેક્ટર

ગાંધીનગર, તા. ૨૨

જિલ્લામાં વહીવટીતંત્રને વધુ લોકાભિમુખ બનાવવા માટે દર પંદર દિવસે પ્રાંત અધિકારી દ્વારા જનસેવા કેન્દ્ર અને ઈ.ધરા કેન્દ્રની મુલાકાત લેવાની તાકીદ જિલ્લા કલેક્ટર એસ.કે. લાંગાએ કરી હતી.


જિલ્લાના મહેસુલી અધિકારીઓની માસિક બેઠકને સંબોધતાં તેમણે જણાવ્યુ હતુ કે નોંધોની પડતર દરેક કચેરીમાં વધી જવા પામી છે. ચૂંટણીની અતિ વ્યસ્ત જવાબદારી પૂર્ણ થઈ છે ત્યારે આ કામગીરી પણ એક ઝુંબેશના રૂપે હાથ ધરવામાં આવે તે જરૂરી છે.

તેમણે દબાણના મુદ્દે પણ સઘન કાર્યવાહી કરવા આગ્રહ કર્યો હતો એટલુ જ નહિ આગામી ચોમાસા દરમ્યાન વરસાદી પાણી ભરાઈ ના રહે તેમજ વાહન વ્યવહાર અને જનજીવન સરળ રહે તે જોવા માટે તંત્રએ સતર્ક રહી કામગીરી કરવાની રહેશે.

લાંગાએ જમીનના જે પ્રકરણો પડતર છે તેના નિકાલ માટે પણ આગ્રહ કરી જણાવ્યું હતું કે પ્રજાને ઓછી પરેશાની થાય તે જોવામાં આવે એટલુ જ નહિ બિનજરૂરી દરમ્યાનગીરી કોઈ કરતુ હોય તેવા તત્વોને સાંખી લેવા નહિ તેમજ પ્રજાને ઝડપથી તેનો નિકાલ થાય તે દિશામાં જરૂરી સચોટ માર્ગદર્શન આપવુ.

તેમણે નાગરિક અધિકાર પત્ર અન્વયે પડતર તુમારોની વધતી જતી સંખ્યા અંગે નારાજગી વ્યક્ત કરી હતી. આવકના દાખલા તેમજ આર્થિક પછાતપણના દાખલાઓ સૌને સમયસર મળી રહે તે જોવા માટે અને તે રીતે અગ્રતાના ધોરણે કામગીરી કરવામાં આવે તેમ પણ સૂચવ્યુ હતુ.

● અનુસંધાન પાન-૭ પર

**બેસણું**

અમારા પૂજ્ય પિતાશ્રી
**લાખાભાઈ પુનાભાઈ ફાંગલીયા**
(તરઘડી-રાજકોટ) તા.૨૦-૬-૨૦૧૯ ને ગુરૂવારના રોજ દેવલોક પામેલ છે.
સદ્‌ગતનું બેસણું તા.૨૪-૬-૨૦૧૯ને સોમવારના રોજ સવારે ૯ થી ૧૧ કલાક દરમ્યાન અમારા નિવાસ સ્થાને રાખેલ છે
નિવાસસ્થાન : પ્લોટ નં.૧૨૬૯/૧, ગોગાબાપાના મંદિરની નજીક, સેક્ટર-૪/સી, ગાંધીનગર
હિરાબેન લાખાભાઈ ફાંગલીયા (પત્ની) જતીન લાખાભાઈ ફાંગલીયા (પુત્ર)
ઘેલાભાઈ પુનાભાઈ ફાંગલીયા (ભાઈ) કૌશિક લાખાભાઈ ફાંગલીયા (પુત્ર)
તથા સમસ્ત ફાંગલીયા પરિવાર હર્ષદ ઘેલાભાઈ ફાંગલીયા (ભત્રીજા)



ROOPKALA
The silver shop
માત્ર ચાંદીનો શો-રૂમ
199, District Shopping Center, Nr. Bank of Baroda, Sector - 21, Gandhinagar, Ph.232 48225




જાંબુ - જેઠ મહિનાના જાંબુ આવ્યા... આપણી ગ્રામીણ સંસ્કૃતિની ઉક્તિ આજે પણ એટલી જ લોકપ્રિય અને યથાર્થ છે... ગામડુ હોય કે શહેર હોય... જાંબુનું સ્થાન આજે પણ અકબંધ છે... સૌને પોષાય અને સૌને ભાવે એવું પ્રકૃતિનું અનોખુ ફળ એટલે જાંબુ... અબાલ - વૃદ્ધને જાંબુ ખાવાની મજા પડે એટલું જ નહિ પણ બદલાતા સમય સાથે જાંબુનો આઈસક્રીમ અને જાંબુનો જ્યુસ પણ શહેરી સંસ્કૃતિમાં લોકભોગ્ય બન્યો છે... આજકાલ શહેરમાં જાબુ આવી ગયા છે... શહેરમાં લારીઓ અને શાકમાર્કેટમાં જાંબુના ઢગલા જોવા મળી રહ્યા છે...

# સ્વચ્છતાની કામગીરીના સઘન મોનીટરીંગ માટે તંત્રને તાકીદ

**શૌચાલયો બનાવવામાં રહી ગયેલા આવાસોમાં પણ ઝડપથી સુવિધા ઉપલબ્ધ કરાવવા મુખ્ય સચિવની તાકીદ**

ગાંધીનગર, તા. ૨૨

સ્વચ્છતા મિશન અંતર્ગત જે ઘરોમાં હજુ પણ શૌચાલયની સુવિધા નથી અને ૨૦૧૨ના બેઝલાઈન સર્વે પ્રમાણે જે ઘર છુટી ગયા છે ત્યાં ઝડપથી શૌચાલયો બનાવવામાં આવે તે અંગે કડક તાકીદ રાજ્યના મુખ્ય સચિવ ડૉ. જે.એન. સિંહે કરી છે.

ગઈકાલે વિડીયો કોન્ફરન્સ થકી જિલ્લાઓના સ્વચ્છતા મિશનની કામગીરીની સમીક્ષા દરમ્યાન ડૉ. સિંહે આ તાકીદ કરી હતી. તેમણે પ્રધાનમંત્રી આવાસ યોજનાના જે કામો પણ સ્પીલ ઓવર થયા છે તે આગામી ત્રિમાસિક ગાળામાં પૂર્ણ કરવામાં આવે તેમ જણાવ્યુ હતુ.

પ્રધાનમંત્રી આવાસ યોજનાના નવા વર્ષના લક્ષ્યાંકો

● અનુસંધાન પાન-૭ પર

# ભાજપ સંગઠન પર્વના ઈન્ચાર્જ તરીકે હિતેન્દ્ર પટેલ

ગાંધીનગર, તા. ૨૨

ગાંધીનગર જિલ્લા ભાજપના સંગઠન પર્વના ઈન્ચાર્જ તરીકે હિતેન્દ્ર પટેલની વરણી કરવામાં આવી છે.

એક તબક્કે જિલ્લા ભાજપના નવા પ્રમુખ તરીકે જેમનુ નામ બોલાતુ હતુ તે હિતેન્દ્ર પટેલની સંગઠન પર્વના ઈન્ચાર્જ તરીકે કરાયેલ નિમણુંકને લઈ કાર્યકરોમાં આશ્ચર્યની લાગણી જોવા મળી રહી છે.

૨૦૦૯ અને ૨૦૧૨માં પણ તેઓ સંગઠન પર્વના ઈન્ચાર્જ રહી ચુક્યા છે. આ ઉપરાંત તેમણે સંગઠનમાં પણ વિવિધ હોદ્દાઓ પર સેવાઓ આપી કુશળ સંગઠક તરીકેની આગવી ઓળખ ઉભી કરેલ છે.

ભાજપના સૂત્રોમાંથી પ્રાપ્ત થતી વિગતો પ્રમાણે જિલ્લા સંગઠન પર્વના ઈન્ચાર્જ તરીકે હિતેન્દ્ર પટેલ, સહ ઈન્ચાર્જ તરીકે અમરસિંહ ચૌહાણ અને દેવ્યાનીબેન ત્રિવેદીની વરણી કરવામાં આવી છે. જ્યારે શહેર સંગઠન પર્વના ઈન્ચાર્જ તરીકે એચ.એમ. પટેલ, સહ ઈન્ચાર્જ તરીકે નરેશ પરમાર અને નિલાબેન શુક્લની પસંદગી કરવામાં આવી છે.

જિલ્લા ભાજપના પ્રમુખ તરીકે નૈલેષ શાહ બે ટર્મથી પ્રમુખ હોવાથી હવે નવા પ્રમુખની પસંદગી પેચીદી બનશે તેમ મનાઈ રહ્યુ છે. આ ઉપરાંત જિલ્લામાં સંગઠનને વધુ અસરકારક બનાવવાનો પણ મોટો પડકાર નવા સંગઠનને રહેશે.

# જળસંચયના કામો અંગે ૨૫-૨૬ના રોજ ગ્રામસભાઓ થશે

**આ ગ્રામસભામાં પ્રધાનમંત્રીએ સરપંચને લખેલા પત્રનુ વાંચન અને બાદમાં સરપંચને અપાશે**

ગાંધીનગર, તા. ૨૨

ગાંધીનગર જિલ્લામાં આગામી ૨૫-૨૬ જુનના રોજ ખાસ ગ્રામસભાઓનું આયોજન જિલ્લાતંત્ર દ્વારા કરવામાં આવ્યુ છે.

જળસંચયના કામોને અગ્રતા આપવા માટે વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ સરપંચોને લખેલ પત્ર અર્પણ કરવાની સાથે દરેક ગામમાં સ્વચ્છતા અને જળસંચયના કામો સભાના અંતે હાથ ધરવામાં આવશે.

આ ગ્રામસભામાં જિલ્લાના અધિકારીઓ જશે તેઓ જળસંચયનું મહત્વ સમજાવશે એટલુ જ નહિ વડાપ્રધાને લખેલ પત્રનું સભામાં વાંચન કરશે અને પછી તે સરપંચને આપશે.

● અનુસંધાન પાન-૭ પર


MASTERMIND Kids
Presents
Free DMIT Test
Know Your Child's Hidden Skills and Talent through the most Scientific method
For all the kids
aged between 2 to 14 year
(No additional terms & conditions or hidden charges )

- DMIT helps you in knowing the inborn abilities and learning style of your child.
- DMIT helps parents in understanding their child better and also helps them in communicating in a much more effective way.
- The parents can explore the natural capacities as well as the nature of the child, which helps them in offering the child with the learning habits which suits the child's capacities.
- DMIT test helps in discovering the child's brain which can help the parents in supporting the weak areas of the child.

Date : 23rd June 2019, 9 am to 6 pm
Venue : Shantiniketan Primary/Secondary School, Block No. 54/1, "GH" Type, Nr. Ayurvedik Hospital, Sector-29, Gandhinagar
Please book your time slot
Mobile : 81286 57737, 96011 02222





LUXURY HOMES
@ Affordable Prices in Sargasan
Gated Communities with all amenities
Welcome to a New Life in a New Home...!!
PSY GROUP SINCE 1990

प्रमुख GLORY @Sargasan
2 BHK EXCLUSIVE APARTMENTS & SHOP
Start From 30.87* Lakh
Sanjay : 90991 69633
Ravi : 99248 23705
Site Address : Nr. Radiant School of Science, T.P.-9, S.G. Road, Sargasan, Gandhinagar
www.pramukhglory.com

प्रमुख HORIZON @Sargasan
2 & 3 BHK LUXURIOUS APARTMENTS & SHOP
Start From 42.90* Lakh
Raj : 91571 55943
Mehul : 98250 25038
Site Address : Nr. Pramukh Bliss, Opp. Surya Retreet Bunglow, Sargasan, Gandhinagar
www.pramukhhorizon.in

प्रमुख pacific @Sargasan
2 & 3 BHK PREMIUM APARTMENTS & SHOPS
3 BHK Start From 49.56* Lakh
Ready Possession NO GST
Devraj : 97236 17635
Site Address : Near Surya Crystal, Opp. Maruti Amrakunj, Sargasan, Gandhinagar
www.pramukhpacific.com

प्रमुख Orchid @Mota Chiloda
2 BHK EXCLUSIVE APARTMENTS & SHOP
Start From 25.00* Lakh
Ready Possession NO GST
Vijay : 78741 73303
Site Address : Chiloda Cross Road, Near Dahegam Road Chiloda, Gandhinagar
www.pramukhorchid.com

| | | |
|---|---|---|
| PRAMUKH GLORY | RERA NO. | PR/GJ/GANDHINAGAR/GANDHINAGAR/Others/RAA01594/090218 |
| PRAMUKH HORIZON | RERA NO. | PR/GJ/GANDHINAGAR/GANDHINAGAR/Others/MAA03159/130718 |
| PRAMUKH PACIFIC | RERA NO. | PR/GJ/GANDHINAGAR/GANDHINAGAR/Others/MAA01452/300118 |
| PRAMUKH ORCHID | RERA NO. | PR/GJ/GANDHINAGAR/GANDHINAGAR/Others/MAA01212/040118 |

https://gujrera.gujarat.gov.in/

પ્રધાનમંત્રી આવાસ યોજના હેઠળ રૂા.૨.૨૦ થી ૨.૬૭ લાખ સુધીની સબસીડી

PSY GROUP SINCE 1990
Address: 704, 7th Floor, Pratik Mall, Near Swaminarayan Dham, Koba-Gandhinagar High Way, Gandhinagar - 382421, Gujarat, India
Email : inquiry.psygroup@gmail.com I Website : www.psyprojects.com
psygroups psygroups PSYGroupBuilder psygroup
NA/NOC Title Clear
100% Loan Papers


Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com